# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના હેઠળ રાજ્યના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક નાસ્તો મળ્યો**
2. **હિંમતનગરને ખેડબ્રહ્મા સાથે જોડતો ઐતિહાસિક મીટર ગેજ ટ્રેક હવે આધુનિક બ્રોડ ગેજ સ્વરૂપે ફરી શરૂ થશે**
3. **દેશભક્તિના રંગે રંગાયું ગુજરાત- મુખ્યમંત્રી આજે અમદાવાદમાં તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવશે**
4. **અમેરિકાના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરીની મુલાકાત લીધી**
5. **D.G.P. કપ 2025-26 અંતર્ગત યોજાયેલી એથ્લેટિક્સ સ્પર્ધામાં જૂનાગઢમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પા કટારીયાએ બે ચંદ્રક જીત્યા**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PAUSHTIK ALPAHAR YOJANA

ગયા વર્ષે શરૂ કરાયેલી એક યોજના હેઠળ રાજ્યની 32 હજારથી વધુ સરકારી શાળાઓમાં પૂર્વ-પ્રાથમિકથી ધોરણ 8 સુધીના અંદાજે 41 લાખ વિદ્યાર્થીઓને દરરોજ પૌષ્ટિક નાસ્તો મળે છે , જેથી બાળકોને શિક્ષણની સાથે પોષણનો પૂરતો હિસ્સો મળે.

'સુપોષિત ગુજરાત મિશન' ના ભાગરૂપે ગયા વર્ષે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શરૂ કરવામાં આવી હતી, આ અલ્પાહાર યોજના એક અલગ સરકારી યોજના હેઠળ વિદ્યાર્થીઓને આપવામાં આવતા મધ્યાહ્ન ભોજન ઉપરાંત છે.

---

# HIMATNAGAR-KHEDBRAHMA PROJECT

હિંમતનગરને ખેડબ્રહ્મા સાથે જોડતો ઐતિહાસિક મીટર ગેજ ટ્રેક હવે આધુનિક બ્રોડ ગેજ સ્વરૂપે ફરી શરૂ થશે. સતાવાર યાદીમાં જણાવ્યા અનુસાર હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ પૂર્ણતાના આરે છે.

તેનું કમિશનર ઑફ રેલવે સેફ્ટી- CRS દ્વારા નિરીક્ષણ શરૂ કરાયું છે. જેમાં હિંમતનગરથી જાદર સુધીના 20 કિલોમીટર વિસ્તારને આવરી લેવાયો. ટીમે સ્ટેશન સુવિધાઓ , ટ્રેક જ્યોમેટ્રી, વળાંકો, પુલો અને રોડ અંડર બ્રિજ ની વિગતવાર તપાસ કરી.

ઉલ્લેખનીય છે કે હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ , સાબરકાંઠા જિલ્લામાં 55 કિલોમીટર સુધી ફેલાયેલો છે. જેને 2 જૂન 2022ના રોજ 482 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી અપાઈ હતી.

---

## TIRANGA YATRA

અમદાવાદના કુબેરનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે તિરંગા યાત્રાનું પ્રસ્થાન કરાવશે. જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

પ્રભારી મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગઇકાલે રાજકોટમાં 'તિરંગા યાત્રા ' યોજાઈ. રેસકોર્સથી શરૂ થયેલી આ યાત્રામાં હજ્જારો લોકોએ તિરંગા સાથે જોડાઈને રાષ્ટ્રધ્વજ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.

મહેસાણામાં પોલીસ પરેડ મેદાન ખાતે જિલ્લા કક્ષાની તિરંગા યાત્રામાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને જિલ્લા પ્રભારીમંત્રી જગદીશ વિશ્વકર્મા જોડાયા.

સુરેન્દ્રનગરમાં "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોને સર્જનાત્મકતા અને દેશભક્તિની ભાવના દર્શાવવાની તક આપવાના હેતુથી ચિત્ર

સ્પર્ધા, દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવ વિશે વિચારો વ્યક્ત કરવા વક્તૃત્વ સ્પર્ધા પણ યોજાઈ હતી.

---

## PORBANDAR INDEPENDENCE DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી આ વર્ષે પોરબંદરમાં થવાની છે. તેના અનુસંધાને પોરબંદરમાં 14 ઓગષ્ટ અને 15 ઓગષ્ટ એમ 2 દિવસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં 14 તારીખે સાંજે 4.30 કલાકે જવાહર નવોદય વિદ્યાલય ખાતે એટ હોમ કાર્યક્રમ યોજાશે, જ્યારે 15મી ઓગષ્ટે સવારે મુખ્યમંત્રીના હસ્તે ધ્વજવંદન કરાશે આ કાર્યક્રમોની તૈયારીઓ ચાલી રહી છે આ અંગે વધુ જિલ્લા કલેક્ટર એસ. બી. ધાનાણીએ આપી.

**(બાઇટ – એસ. બી. ધાનાણી, જિલ્લા કલેકટર)**

---

## USFDA DELEGATION

અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન – U.S.F.D.A.ના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કચેરીની મુલાકાત લીધી.

દોઢ દાયકા અગાઉ ગુજરાત અને અમેરિકા વચ્ચે ગઠન થયેલા **"F.D.C.A., Gujarat – U.S.F.D.A. Regulatory Forum"** અન્વયે દ્વિપક્ષીય બેઠક યોજાઈ. આ પ્રતિનિધિ મંડળને **F.D.C.A.-** ગુજરાતના કમિશનર **H.G.** કોશિયાએ રાજ્ય સરકારની મક્કમ કામગીરીથી અવગત કરાવ્યા

પ્રતિનિધિ મંડળ દ્વારા ડ્રગ ટ્રાફીકીંગ , પ્રીક્સર ઉત્પાદકોની માહિતી , ફાર્માસ્યુટીકલ્સમાંથી ગેરકાયદેસર રીતે નાર્કોટીક અને હેબીટ ફોર્મીંગ દવાઓના ઉત્પાદન અને દેશમાંથી અમેરિકામાં થતા નિકાસ અર્થે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

---

## NID-INVITATION KIT

79મા સ્વતંત્રતા પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન દ્વારા મોકલવામાં આવનારી આમંત્રણ કિટ **N.I.D.** -અમદાવાદ દ્વારા તૈયાર કરાઈ છે.

રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા- **N.I.D.**ના નિયામક ડૉ. અશોક મોંડલે જણાવ્યુ કે પૂર્વ ભારતના કલાત્મક અને સાંસ્કૃતિક વારસાને પ્રસ્તુત કરતી 700 કિટ તૈયાર કરવામાં આવી છે.

જેમાં બિહારની ટિકુલી કલા , ઝારખંડની પૈટકર પેઇન્ટિંગ , ઓડિશાની તાલપત્ર ચિત્ર અને બંગાળના પટ્ટાચિત્ર કલાકૃતિઓનો સમાવેશ થાય છે.

**(બાઇટ : ડૉ. અશોક મોંડલ – નિયામક)**

---

# GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 64 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 68 ટકા વરસાદ વરસ્યો છે. વરસાદનું જોર ઘટતા ગઇકાલે માત્ર 53 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

રાજ્યના 51 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 27 જળાશય એલર્ટ પર છે હાલની સ્થિતિમાં રાજ્યના તમામ ગામોમાં વીજ પુરવઠો તેમજ S.T. બસના તમામ રૂટ પર બસો કાર્યરત છે.

---

# WEATHER FORECAST

રાજ્યમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ બાદ રાજ્યમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયુ છે.

દરમિયાન પવનની ઝડપ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે ત્યારે માછીમારો દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે.દાસે જણાવ્યુ.

(બાઇટ : ડો.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

---

# MAHISAGAR KHEDUT

છેલ્લા કેટલાક દિવસથી વરસાદે વિરામ લેતા મહીસાગર જિલ્લામાં કડાણા ડેમમાંથી **300** ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થતાં પાણીની જરૂરિયાત સર્જાઈ હતી.

જેથી કડાણા ડેમમાંથી ડાબા કાંઠા કેનાલમાં છોડાતા **130** ગામના ખેડૂતોની **11** હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળ્યો છે જેથી ખેડૂતો સરકારનો આભાર માન્યો હતો.

## (બાઈટ : સોમભાઈ માછી-ખેડૂત)

---

# DGP CUP 2025-26

**DGP** કપ **2025-26** અંતર્ગત યોજાયેલી એથ્લેટિક્સ સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પા કટારીયાએ ઉત્તમ પ્રદર્શન કર્યું છે.

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેમણે ડ્યૂટી મીટ સ્પર્ધામાં 1500 મીટર દોડમાં રજત ચંદ્રક જીત્યો છે. જ્યારે 3 હજાર મીટર દોડમાં કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

---

# AGNIVEER RALLY

સાબરકાંઠાના હિંમતનગર ખાતે યોજાનાર આર્મી અગ્નિવીર ભરતી મેળામાં 27 ઓગસ્ટ થી 29 ઓગસ્ટ દરમિયાન શારીરીક અને મેડીકલ ટેસ્ટ લેવાશે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આર્મી અગ્નિવીર જનરલ ડયુટી લેખિત પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોની શારીરિક અને મેડિકલ ટેસ્ટ થશે.

આર્મી અગ્નિવીર ટેકનિકલ , ક્લાર્ક/સ્ટોરકીપર, 8 પાસ માટે 28 ઓગસ્ટે ટેસ્ટ લેવાશે. 10 પાસ ટ્રેડમેન માટે 29 ઓગસ્ટે ટેસ્ટ લેવાશે.

ઉમેદવારોએ ટેસ્ટની તારીખે એડમીટ કાર્ડ અને જરૂરી દસ્તાવેજો સાથે હાજર રહેવા સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---